Letter No: LCO/0157/07/2023 Dt: 31-07-2023

શ્રમ આયુકતની કચેરી,

ગુજરાત રાજય,

બ્લોકનં-૧૧,૧૨,૧૪, બીજો માળ.

સેકટર-૧૧, ઉધોગભવન, ગાંધીનગર

ફોન નં. 079-23257538

E-mail: asc-bgact-labour@gujarat.gov.in

ચૂંટણી પંચ ચૂં.તા. ૦૬/૦૮/૨૦૨૩ ક્રમાંકઃ શ્ર.આ.૭(૪)/રાચઆ-સ્થા.સ્વ./૨૦૨૩/૮૫૧

<u>સમય-મર્યાદાઃ ટોચ અગ્રતા</u> તા –૨૦/૦૭/૨૦૨૩

વંચાણે લીધોઃ- રાજય ચુંટણી આયોગ,સચિવાલય,ગાંધીનગરનાં પત્ર ક્રમાંકઃ રાચઆ-સ્થા.સ્વ./૧૧૦(૧)/૦૭૨૦૨૩-ક, તા. ૧૦/૦૭/૨૦૨૩.

## પ રિ પ ત્ર

રાજય ચુંટણી આયોગ, ગાંધીનગરનાં પત્ર ક્રમાંકઃ રાચઆ-સ્થા.સ્વ./૧૧૦(૧)/૦૭૨૦૨૩-ક, તા.૧૦/૦૭/૨૦૨૩ થી આ સાથેના પત્રકમાં દર્શવ્યા મુજબની રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓની પેટા ચૂંટણી તા-૦૬/૦૮/૨૦૨૩, રવિવાર ના રોજ યોજાનાર છે.

વટાઉખત અધિનિયમ-૧૮૮૧ની જોગવાઈ લાગુ પડતી ન હોય તેવી દુકાનો અને સંસ્થાઓ માટે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧માં ૧૯૯૬ના લોકપ્રતિનિધિત્વ (સુધારા) અધિનિયમથી દાખલ કરવામાં આવેલ કલમ-૧૩૫-બી ની જોગવાઈઓ અનુસાર કામદારોને મતદાન કરવા જવા માટે સવેતન છૂટ આપવાના હુકમો કરવાના રહે છે

આથી, રાજયમાં તા.૦૬/૦૮/૨૦૨૩ના રોજ યોજાનાર રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓની પેટા ચૂંટણી માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ)એકટ-૨૦૧૯ હેઠળ

(૧) મત આપવાનો અધિકાર ધરાવતી દરેક વ્યકિત કોઈપણ દુકાન અથવા સંસ્થામાં નોકરી કરતી હોય તો તેને મતદાનના દિવસે સવેતન રજા આપવી.

(૨) ઉપર ક્રમ (૧) માં જણાવેલ કોઈપણ વ્યકિતના વેતનમાંથી કોઇ કપાત કે સુધારો કરવાનો રહેશે નહીં. અને જો આવી વ્યકિત સામાન્ય રીતે વેતન નહી મેળવે તેવા આધારે નોકરી ઉપર રાખવામાં આવેલ હોય છતાં પણ તેવી વ્યકિતને રજા આપવામાં આવી ન હોત અને તે દિવસે તેને જે વેતન મેળવવાપાત્ર હોય તેટલું વેતન મંજૂર કરવાનું રહેશે.

(૩) જો કોઈ નોકરી ઉપર રાખનાર વ્યકિત ઉપર ક્રમ(૧) અથવા (૨)માં જણાવેલ જોગવાઈઓનું ઉલ્લંઘન કરશે તો આવા નોકરીદાતા લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ-૧૩૫-બીની જોગવાઈ મુજબ ૫૦૦/- રૂ સુધીના દંડના પાત્ર રહેશે.

(૪) લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ-૧૩૫-બી એવા કોઈપણ મતદારોને લાગુ નહીં પડે કે તે જ્યાં નોકરી કરે છે ત્યાં તેની ગેરહાજરીને કારણે ભયજનક પરિસ્થિતિ ઉભી થાય તેમ હોય અથવા તેની ગેરહાજરી વ્યાપક નુકશાનમાં પરિણામે તેમ હોય.

(૫) લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫-બીની જોગવાઇ અનુસાર રોજમદાર/કેજ્યુઅલ કામદારો પણ મતદાનના દિવસે રજા અને વેતનના હકકદાર છે.

બિડાણઃ- ઉપર મુજબ

શ્રમ આયુક્ત

ગુજરાત રાજય, ગાંધીનગર.

ક્રમાંકઃ શ્ર.આ.૭(૪)/સ્થા.સ્વ.ચૂં./૨૦૨૩/ ૮૫૨ થી ૮૬૪

તારીખઃ- ૨૦/૦૭/૨૦૨૩

પ્રતિ,

<u>નકલ સવિનય રવાનાઃ-</u>

Signature Not Verified
Signed by:Anupam Anand
Commissioner of Labour
Date: 2023.07.31
12:39:27 +05:30

(૧)અધિક મુખ્ય સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૨) અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,ગાંધીનગર.

(૩) નાયબ સચિવશ્રી, (પ્રોટોકોલ) સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૪) નાયબ સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૫) સચિવશ્રી,રાજય ચૂંટણી આયોગ, બ્લોક નં.૯, છઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરના

તા. ૧૦/૦૭/૨૦૨૩ના પત્રક્રમાંકઃ રાચઆ-સ્થા.સ્વ./૧૧૦(૧)/૦૭૨૦૨૩-ક, અન્વયે જાણ સારૂ.

(૬) સેકશન અધિકારીશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,ગાંધીનગર. અન્વયે જાણ સારુ.

(૭) નાયબ શ્રમ આયુકતશ્રી,અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ તાબાની તમામ કચેરીને જાણ કરવી.

(૮) નિયામકશ્રી, માહિતી અને પ્રાસારણ ખાતું, બ્લોક નં. ૧૯, જુના સચિવાલય,ગાંધીનગર તરફ આ સાથે સામેલ પ્રેસનોટ સમય-મર્યાદામાં પ્રસિધ્ધ કરવા સારૂ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૯) સિલેકટ ફાઇલ.

## તારીખ. ૦૬/૦૮/૨૦૨૩ ના રોજ રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓની પેટા ચૂંટણી

## પ્રેસનોટ

## શ્રમયોગીઓને મતદાન માટે રજા આપવા સુચના

રાજયના શ્રમ આયુકતશ્રી એક યાદીમાં જણાવે છે કે, રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓની પેટા ચૂંટણી મતદાન તા-૦૬/૦૮/૨૦૨૩ના રવિવારના રોજ સવારના ૭-૦૦ વાગ્યાથી સાંજના ૦૬-૦૦ વાગ્યા સુધી યોજનાર છે. ત્યારે જે તે વિસ્તારના ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એકટ-૨૦૧૯ હેઠળ નોંધાયેલ સંસ્થાઓના શ્રમયોગીઓ/કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ખાસ રજા મંજુર કરવાની રહેશે. કર્મચારીના પગારમાંથી કોઇ કપાત કરવાની રહેશે નહીં. આ જોગવાઈ અનુસાર રોજમદાર/કેજ્યુઅલ કામદારો પણ મતદાનના દિવસે રજા અને વેતનના હકદાર રહેશે. જે કોઈ માલિક જોગવાઇ વિરૂધ્ધનું વર્તન કરશે તો દંડ અને શિક્ષાને પાત્ર રહેશે.

૫-૫૭૪
૧૭/૭/૨૩ 181

ચૂંટણી
તાત્કાલિક

10,224

ક્રમાંક:રાચઆ-રચપ-૫૦/૧૧૦(૧)/૭૨૨૦૩-૮
રાજ્ય ચૂંટણી આયોગ,
બ્લોક નં.૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૦-૦૭-૨૦૨૩

પ્રતિ,
શહેર/ જિલ્લા મ્યુનિસિપલ અધિકારી અને કલેકટરશ્રી, સુરત, રાજકોટ, ભાવનગર, ભરૂચ, નર્મદા, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, અમદાવાદ, અરવલ્લી, આણંદ, પોરબંદર, પાટણ મહેસાણા, ખેડા, કચ્છ, ગીર સોમનાથ, પંચમહાલ.

**વિષય :- સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી-૨૦૨૩ સમયે વિવિધ વિભાગો અને ખાતાઓ/ અધિકારીઓએ કરવાની થતી કાર્યવાહીની સ્થાયી સૂચનાઓ બાબત.**

**સંદર્ભ:- રાજ્ય ચૂંટણી આયોગના પરિપત્ર ક્રમાંક: રાચપ-ચટણ-સ્થા.સ્વ.૧૧૦-૩૨૦૦૯-ક, તા.૪/૩/૨૦૦૯**

શ્રીમાન/મહોદયા,

ઉપરોક્ત વિષયે સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, આ સાથેના પત્રકમાં દર્શાવ્યા મુજબની રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓની પેટા ચૂંટણી માટે મતદાન તા.૦૬-૦૮-૨૦૨૩ના રોજ યોજવા રાજ્ય ચૂંટણી આયોગે વિગતવાર કાર્યક્રમ તૈયાર કરી જિલ્લાઓને મોકલી આપેલ છે.

આ ચૂંટણીઓમાં વિભાગો/ખાતાના વડા/ કલેકટરશ્રીઓ તરફથી કેટલીક બાબતો અંગે કાર્યવાહી કરવાની થતી હોય છે. જે માટે અત્રેથી જે તે વખતે જારી કરતાં ચૂંટણી કાર્યક્રમ અનુસંધાને, નીચે જણાવેલ મુદ્દાઓની વિગતવાર સંકલિત સૂચનાઓ સંદર્ભવાળા તા.૦૪-૦૩-૨૦૦૯ના પરિપત્રથી સ્થાયી સૂચનાઓ તરીકે આપને આપવામાં આવેલ છે. જે ધ્યાને લઈ આ ચૂંટણી સંદર્ભે આનુષંગિક કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

(a) ચૂંટણી સમયે મતદારો તથા ચૂંટણી સ્ટાફ માટે જરૂરી સુવિધા ઉપલબ્ધ કરાવવા બાબત.
(b) ચૂંટણી સમયે ડીઝલ, જનરેટર સેટની વ્યવસ્થા કરવા અંગે.
(c) સ્વરાજ્યના એકમોની ચૂંટણી માટે નિયુક્ત કરેલ ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીઓની બદલી નહીં કરવા અંગે.
(d) મતપત્રોના છાપકામ બાબત.
(e) ચૂંટણી સમય દરમ્યાન પરીક્ષા ન યોજવા અંગે.
(f) ચૂંટણી સમય દરમ્યાન વીજળી પૂરવઠો ૨૪ કલાક જળવાઈ રહે તે બાબત.
(g) ચૂંટણી માટે એસ.ટી. નિગમની બસો પૂરી પાડવા બાબત.
(h) મતદાનના દિવસે સ્થાનિક રજા જાહેર કરવા/વૈકલ્પિક વ્યવસ્થા કરવા બાબત.
(i) મતગણતરીનો સમય/સ્થળ નક્કી કરવા બાબત.
(j) કંટ્રોલરૂમ શરૂ કરવા બાબત.
(k) પુન:મતદાનની જરૂર પડે તો નક્કી કરવા બાબત.
(l) વીજાણુ મતદાન યંત્રોના ઉપયોગ બાબત.
(m) વીજાણુ મતદાન યંત્રો અને પાવર પેકની ઉપલબ્ધી બાબત.
(n) સિક્રેટસીલ/સ્ટ્રીપસીલ/અવિલોપ્ય શાહી તમામ સાધન સામગ્રીની ઉપલબ્ધીની ચકાસણી બાબત.
(o) પરિણામ લઈને રાજ્ય ચૂંટણી આયોગમાં આવવા અને પ્રસિદ્ધિ કરવા બાબત.

સદરહુ સંસ્થાઓની પેટા ચૂંટણી અંગે સંદર્ભમાંના અત્રેના તા.૦૪-૦૩-૨૦૦૯ના સંકલિત પરિપત્રમાં આપવામાં આવેલ સૂચનાઓ મુજબ અને તે અન્વયે સંબંધિતો દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા વિનંતી છે.

(જી.સી.બ્રહ્મભટ્ટ)
સચિવ
રાજ્ય ચૂંટણી આયોગ
ગાંધીનગર

૨૧/૭/૨૩

**<u>નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ રવાના :</u>**

- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, પ્રોટોકોલ-સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ-સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, શ્રમ અન રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

**<u>નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ રવાના :</u>**

- સચિવાલયના સર્વે વિભાગો,
  ..........૨/- સર્વે ખાતાના વડાઓને તથા સર્વે બોર્ડ/કોર્પોરેશનના વહીવટી સંચાલકશ્રીઓને આ અંગેની તાત્કાલિક જાણ કરવા વિનંતી સહ.
- ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી, ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ, મધ્યસ્થ કાર્યાલય, વાહન વ્યવહાર ભવન, અમદાવાદ
- શ્રમ આયુક્તશ્રી,ગુજરાત રાજય,૧૧૨/, ઉધોગ ભવન,સેકટર૧૧-,ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, માધ્યમિક શિક્ષણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ,લિવડોદરા.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન,ગાંધીનગર
- જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સુરત, રાજકોટ, ભાવનગર, ભરૂચ, નર્મદા, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, અમદાવાદ, અરવલ્લી, આણંદ, પોરબંદર, પાટણ મહેસાણા, ખેડા, કચ્છ, ગીર સોમનાથ, પંચમહાલ.
- પોલીસ કમિશનરશ્રી, સુરત, રાજકોટ.
- પોલીસ અધિક્ષકશ્રી, સુરત, રાજકોટ, ભાવનગર, ભરૂચ, નર્મદા, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, અમદાવાદ, અરવલ્લી, આણંદ, પોરબંદર, પાટણ મહેસાણા, ખેડા, કચ્છ, ગીર સોમનાથ, પંચમહાલ.
- રાજય ચૂંટણી આયોગમાં નોંધાયેલ સર્વે રાજકીય પક્ષો તરફ જાણ સારૂ.
- મામલતદારશ્રી, સંબંધિત ( મારફત: સંબંધિત કલેકટરશ્રી )
- વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર
- રાજય ચૂંટણી કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રીના અંગત મદદનીશ, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર.
- સંયુક્ત કમિશનરશ્રીના અંગત મદદનીશ, રાજય ચૂંટણી આયોગ,ગાંધીનગર.
- રાજય ચૂંટણી આયોગના સર્વે અધિકારીઓ/ કર્મચારીશ્રીઓ.
- સિલેકટ ફાઈલે, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર.



## ઓગષ્ટ-૨૦૨૩માં પેટા ચૂંટણી હેઠળની મહાનગરપાલિકાઓ

| અ.નં. | જિલ્લો | મહાનગરપાલિકાનું નામ | વોર્ડ નંબર | બેઠકનો પ્રકાર | બેઠકોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | સુરત | સુરત | ૨૦ | સામાન્ય (ત્રીજી) | ૧ |
| ૨ | રાજકોટ | રાજકોટ | ૧૫ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી (પ્રથમ) | ૧ |
| ૩ | રાજકોટ | રાજકોટ | ૧૫ | સામાન્ય (ત્રીજી) | ૧ |
| | | | | કુલ | ૩ |

## ઓગષ્ટ-૨૦૨૩ પેટા ચૂંટણી યોજવાપાત્ર નગરપાલિકાઓની ખાલી બેઠકો

| અ.નં. | જિલ્લો | નગરપાલિકાનું નામ | ન.પા.નો વર્ગ | બેઠકનો પ્રકાર | વોર્ડ નંબર | બેઠકની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ભાવનગર | મહુવા | બ | સામાન્ય (ચોથી) | ૩ | ૧ |
| ૨ | ભાવનગર | પાલીતાણા | બ | સામાન્ય સ્ત્રી (પ્રથમ)<br>સામાન્ય સ્ત્રી (બીજી)<br>સામાન્ય (ત્રીજી) | ૧ | ૩ |
| ૩ | ભાવનગર | પાલીતાણા | બ | સામાન્ય સ્ત્રી (પ્રથમ)<br>સામાન્ય (ત્રીજી) | ૭ | ૨ |
| ૪ | ભરૂચ | જંબુસર | ક | સામાન્ય (ત્રીજી) | ૭ | ૧ |
| ૫ | ભરૂચ | આમોદ | ડ | અનુસૂચિત જાતિ સ્ત્રી (પ્રથમ)<br>સામાન્ય (ચોથી) | ૩ | ૨ |
| ૬ | ભરૂચ | આમોદ | ડ | સામાન્ય સ્ત્રી (બીજી)<br>અનુસૂચિત આદિજાતિ (ત્રીજી) | ૪ | ૨ |
| ૭ | ભરૂચ | આમોદ | ડ | સામાન્ય (ચોથી) | ૬ | ૧ |
| ૮ | નર્મદા | રાજપીપળા | ક | સામાન્ય (ચોથી) | ૬ | ૧ |
| ૯ | બનાસકાંઠા | ડીસા | અ | પછાત વર્ગ (ત્રીજી) | ૯ | ૧ |
| ૧૦ | બનાસકાંઠા | પાલનપુર | અ | પછાત વર્ગ (ત્રીજી) | ૪ | ૧ |
| ૧૧ | સુરેન્દ્રનગર | ધ્રાંગધ્રા | બ | સામાન્ય (ત્રીજી) | ૬ | ૧ |
| ૧૨ | અમદાવાદ | બારેજા | ડ | અનુસૂચિત જાતિ સ્ત્રી (પ્રથમ) | ૬ | ૧ |
| ૧૩ | અરવલ્લી | મોડાસા | બ | સામાન્ય (ચોથી) | ૭ | ૧ |
| ૧૪ | આણંદ | આણંદ | અ | સામાન્ય (ત્રીજી) | ૫ | ૧ |
| ૧૫ | પોરબંદર | પોરબંદર-છાયા | અ | અનુસૂચિત જાતિ (ત્રીજી) | ૧૩ | ૧ |
| ૧૬ | પાટણ | સિધ્ધપુર | બ | પછાત વર્ગ સ્ત્રી (પ્રથમ)<br>સામાન્ય સ્ત્રી (બીજી)<br>સામાન્ય (ત્રીજી)<br>સામાન્ય (ચોથી) | ૨ | ૪ |
| ૧૭ | મહેસાણા | ઉંઝા | બ | સામાન્ય (ચોથી) | ૨ | ૧ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૮ | ખેડા | ઠાસરા | ડ | સામાન્ય (ચોથી) | ૨ | ૧ |
| ૧૯ | કચ્છ | મુંદ્રા-બારોઇ | ક | અનુસૂચિત જાતિ સ્ત્રી (પ્રથમ) | ૧ | ૧ |
| ૨૦ | ગીર સોમનાથ | તલાલા | ડ | સામાન્ય (ચોથી) | ૨ | ૧ |
| ૨૧ | પંચમહાલ | ગોધરા | અ | સામાન્ય સ્ત્રી (પ્રથમ) | ૩ | ૧ |
| | | | | કુલ | | ૨૯ |

## મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી ઓગષ્ટ-૨૦૨૩

| અ.નં | વિગત | તારીખ |
|---|---|---|
| ૧. | ચૂંટણીની જાહેરાતની તારીખ | તા.૧૦/૦૭/૨૦૨૩ |
| ૨. | જાહેરનામું પ્રસિધ્ધ કરવાની તારીખ | તા.૧૭/૦૭/૨૦૨૩ |
| ૩. | ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ | તા.૨૨/૦૭/૨૦૨૩ |
| ૪. | ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ | તા.૨૪/૦૭/૨૦૨૩ |
| ૫. | ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ | તા.૨૫/૦૭/૨૦૨૩ |
| ૬. | મતદાનની તારીખ | તા.૦૬/૦૮/૨૦૨૩ (રવિવાર) સવારના ૭-૦૦ વાગ્યા થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી |
| ૭. | પુનઃમતદાનની તારીખ (જરૂરી જણાય તો) | તા.૦૭/૦૮/૨૦૨૩ |
| ૮. | મતગણતરીની તારીખ | તા.૦૮/૦૮/૨૦૨૩ |

તા.૧૦/૦૭/૨૦૨૩

(જી.સી.બ્રહ્મભટ્ટ)
સચિવ
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર